સંવત ૧૯૫૭માં આવેલી ભયંકર

રેલનાં ગરબા

ભાગ બીજો.

તથા

રમુજી ફારસો.

રચનાર—રણછોડ એફ. એમ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

નુરભાઈ જાફરજી સુજાત.

ઝાંપા બજાર સુરત.

જી. ડી. મેહેતા-નાણાવટ સુરત.

"ધી રાઇઝીંગ સ્ટાર" પ્રીન્ટીગ પ્રેસ સુરત.

સને ૧૯૧૪ સંવત ૧૯૭૦

કીમત એક આનો

સુરતની તાપીમાં આવેલી ભયંકર રેલનાં ગરબા

ગામોમાં ફરી વળેલું પાણી

ગરબી

(રાગ—સારૂં સારૂં રે સુરત સ્હેર મુંબાઇ અલબેલી.એ)

વધ્યો વધ્યોરે સુરતપર કેર, જુલમછે બહુ ભારી
રેલ અગ્નિથી થઇ ગયું જેર, જુલમ છે બહુ ભારી—ટેક.
કાયર અગ્નિ માતા કરેછે, જડથી ઊંડે ઝટકી રે'
તેમાં રાણી રેલ પધારી, કંઇકોને નાંખ્યા પટકી—જુ૦
સીંગનપોર ને વેડ વરાછા, વરીઆવને વાલોડ રે;
અમરોલી આદી ફુલપાડા, કતારગામની જોડ—જુ૦
કુંભારીયા પુણાની પાસે. સાણીયાને સારોલી રે;
કદોડ ગામમાં પ્રાતે પ્હોંચી, બારડોલી પણ બોળી—જુ૦
પાલણપોર ઇચ્છાપોર બીજા, ના'ના નાહના ગામરે;
ફરી વળી જાંગીરપુરામાં, કઠોર કર્યો વિશ્રામ—જુ૦

ડુમસ ને ભીમપોરમાં ભારે, રેલ કીધો રાંદેર રે
મગદલ્લા, વળી ગવીયર ફાવી, ધરી નહીં કંઇ મ્હેર–જુ૦
તાપીનદીનાં કાઠાંની ઉપર. ગામો રૂડાં કહાવે રે
પાલ અડાજણ ભગવાદાંડી, તેપર લ્હેરા આવે–જુ૦
ભાટપોરમા ભલી પધારી, મોજ કરે મન માનીરે,
એવાં એવાં ઘણા ગામોમાં, છોડાવ્યા અનને પાણી=જુ૦
ખેંચી ગઇતું વેળા સરવે. તરકારીનાં રૂડાં રે
ખજુરીઆને તાંણો તેતો, ઝાડોને કીધાં જુદાં–જુ૦
કીચડ થયો બહુ ખેતરોમાને, રસ્તાપર વિશેસરે
વેર લેવા આવી તું એવું ધરીને દીન પર દ્વેષ–જુ
બંધ કીધો વહેવાર ઘણાનો. અખત્યાર તારી પાસરે.
પાંચ દીવસે મારગ આપ્યો, વિનવે રણછોડદાસ–જુ૦

રેલથી થયેલી ભાજીપાલા વિગેરે
બીજા પાકની નુકશાની.

લાવણી

ગઇ રેલ કરીખલેલ, સુરતમાં ભારી
થયાં દુઃખી રંકને રાંક બની લાચારી.
ખેતરનાં ગયાં તણાઇ વેળાને ઝાડો
હવે ખારી શુ ગુજરાત તણાયા તાડો.

કારેલાં ભીંડા અને વાલ દીવેલા.
તુવેર તંબાકુ મકઈ ખેચિયા ભેલાં
કહોળા મરચાં દુધી રવઇઆ રીતે
પુરીયાને વળી વાલોડ ખાધાં તે પ્રીતે
એવિગેરે થયું નુકશાન ભાજી પાલાનું
લાગ્યું છે અમને દુઃખ તારા ચાલાનું.
ઘાંસોપર ફરી વળ્યું ચગુ બહુ દીશે.
ગામો પર આજે આવી કરી તું રીશે.
ઢોરો કયાં જાયને ચરે આવે વિચારો.
પામ્યોછે ચારો નાશ, તે મનથી ધારો,
વળી જમીન દોસ્ત ઘર સાંઠ સ્હેરના કીધાં.
આસરે એકસો ઝાડ ખેંચી તે લીધાં
બહુ બેસી ગયાછે કુવા કંઇક ઠેકાણે,
થયું લાખ એનું નુકશાન એહ પ્રમાણે

રેલથી લોકોને થતું દુઃખ

મુખ્ય જગ્યાએ પાણીનો પસારો

(રાગ- ભેખે ઉતારો રાજા ભરથરી.—એ.)

ચડયારે પાણી અતિ પૂરમાં, કરતા પાયમાલ આજજી,
ગાંઠ સુરત પર ઘણાં રીશ શું, રાખો રેલ માતા દાઝજી—ચડયાં.
પ્રાણી મુંગા ઘણા ટળ વળે, જાતાં પોતાનો પ્રાણજી,
ઉંદર બિલાડાને કૂતરા, થયાં ઢોર પણ હેરાનજી—ચડયા.

કંગાળ લોકોનાં ઝુંપડાં, સુતા જમીન તે વારજી,
તેમાં કંઇક ધસડાઇ ગયાં, ચાલ્યાં યમ ને દ્વારજી—ચડયા.
અશ્વની કુમાર કહેવાયછે, તિર્થ હિંદુઓનું સ્થાનજી,
ત્યાં તો થઇ જળની જાતરા, માર્ગ બંધ કહું બ્યાનજી-ચડયાં.
બાળે મુંડદાં જઇ કેમ કરી, કરવો શું રે વિચારજી,
દરવાજા આગળ બાળતા, ધાર્યું સૌ એ તે વારજી—ચડયા.
રજા આપી ત્રણી મ્હેરથી સ્ટેશનનાં માસ્તરજી,
લાઇન પરથી ચાલવા, માંડયુ લોકોએ સત્વરજી—ચડયા.
ફાટયું ગરનાળું ચડાકુઇનું, બેગમ પુરા પાંણી વહેજી
ગુડસ-યાર્ડમાં જાણ નણું. લોકો માલ પાછો લેયજી—ચડયા.
લીંબકનાથ માહાદેવનાં, દેરાં આગળની પસરજી,
કોઇ પડયો ત્યાંનો કારમો, આવે તાર પર તારજી—ચડયાં.
ગોપીપુરાની ખાડીમાં, દીઠું પાંણી વિશેષજી
એવીરે એવી તો કંઇ જગે, દીઠો દીન પર લેશજી—ચડયાં

(રાગ યૌવન ખીલ્યું આવ્યાણી રસપાન કરો-એ)

રેલ આવી સુરતમો નુકશાન ભરી,
ભજવા લાગ્યા પ્રિતેથી નર-નાર હરી.
ધભરામણુ મોટી કરી, આવી એકદમ ચડી
ચેન નહીં દિલ જરી—હાં-હાં-હાં-હાં-રેલ.
ઘર છોડી લોકો ઘણાં ફરતાં બી ફરે.
પાણી જોઇ જુલમ આતો ખુબ ડરે.

બેસાસે ફેગ ઠરી, જળ બહુ રહ્યું છે ફરી.
રહયાં ઘણાં ધ્યાન ધરી–હાં-હાં–હાં–હાં–રેલ.
પશુ પક્ષી તણાયાં જોતાં રહી ગયાં
ભકત જણોનાં દિલતો દુઃખિયાજ થયાં
દાઝ એ દીલમાં ખરી, નીકળશે કયાંએતરી,
જશે એ નિશ્ચે મરી–હાં–હાં–હાં=હાં–રેલ.

—————

મણી અને મોહનનો ફારસ.

નાટક જોવા નહીં જવા દઉ?

(રાગ- મુજી બચ્ચા નાનાએ શું કીધાં બુરા કરમ-એ)
મણી—નહીં જાવા દઉ નાટક જોવા સમજી બેસો આમ,
ઉધ છોડીને પ્યારા મારા સામી આપો દામ—

(કોરસ)

એમાં શું મળશે સાર, કરો કંઇ મન વિચાર,
છે જુવો ઘર સંસાર, એજ નાટકનો દરબાર—
મોહન—પ્યારી મુજને અટકાવવાની કેમ કરેછે વાત,
બસ! જાવાદે જોવા જલ્દી મને આજની રાત—

(કોરસ)

મળશે મઝાને સાર, પ્યારી જરૂર ધાર,

જોતાં હસે દીલદાર, જે દોશ મારા આવાર—

મણી—મઝાની સમજો કજા સદાને સારનો જાણો માર,

દોશને સમજો પૈસાનાં સૌ, એ વિના નહીં પ્યાર—

(કોરસ)

માટે ન જાવો જરી, હું કહુંછું વાત ખરી,

નાચી કુદી ઠરી. રહેછે પેટ ભરી—

મોહન—પ્યારી એવો શોખ ધરીને સદા રહેછે કોક

નથી જણાતાં શોખ વિનાનાં આ સુરતમાં લોક—

(કોરસ)

૭ શોખને એ ખાતર, ગુમાવે સઘળું જર,

કોઇ આસક રાંડો પર, પડયા છે એવાં નર.

મણી-તેમ તમે ધારો છો કરવા, ઘરાં નિર્લજ સોખ,

એ સૌ છાજે કુવારાને, મુકંનારી નહી પોક!

(કોરસ)

તમારી છું હું નાર. જો જન્મીને સંસાર,

ભોગવવાં સુખ દુઃખ સાર, નારીનો સત અવતાર.

મોહન-ખરી વાતને ખોટી નહીં હું કહું કદી દિલદાર,

સુકન સાચવી તારા ધણીનો જવાદેની આવાર

[કોરસ]

કેમ ફરશે બોલ મારો, અમલ રહેશે તારો.

નહીં તુટે એ ધારો. બીજા સઉ વિચારો,

મણી-સરવે બોલતો લઉં શીશપર, અણુઘટતાંપર લાત,
પ્યારા! મારા સૂવો જઈને, ગુમાવો ખોટીરાત.

(કોરસ)

સંસારી સમજી સાર, થશે સુખતો અપાર,
ટુંકી બુધ્ધી નાચાર, રણછોડ રંક વિચાર.

શ્રાવણ માસનાં રહેલાણીઓના વિચાર.

ત્રણ મિત્રની ટોળી

(રાગ અંગ્રેજી દોડ-)

પહેલો—કેમ ડીયર શ્રાવણમાં શું-શું બનાવવું છે કહેની યાર,
બંદા! તો ઘોડા ગાડીનો રાખેછે પુરોજ વિચાર,
બીજો—દોશ! વિચાર તા'રો એવો છે મારો તો ગાડીનો સહી,
બે બળદની જોડીશ ગાડી, બોલ તને ગમશે કે નહીં
ત્રીજો—ભાઇ આપણું ગજુ નહીં કે, લેતું હું ગાડી ઘોડાને,
ગમે તેમ પણ હું તો ચલાવીશ, ફાતા તુટાં જોડાને.
પહેલો—ઢેમ બગરયું દત્તીજ ફેલા, બોલ જરા રાખીને વિચાર.
વારનીશ વગરના શુઝ પ્હેરૂં તો મનેમારજે જોડા ચાર,
બીજો—પાંચ કાપનો કોટજ પ્હેરૂં બાર કાપનું પ્હેરૂં બદન
રેશમી કોરની ધોતી ને કંઇ ટોપી જોજે નવી તદન,
ત્રીજો—દસ ઠીગરાંના દગલી પ્હરીશ, ધોતી પર હોશે બે ત્રણ.
ગમે તેમ એ મહિનો કાહાડાશ, શાક રાખીને મારૂં મન,

પહેલો—વેરી યુઝલેઝ મેન યુ આર, તને નથી દુનીઆની ખબર
જોજે જરા ભપકોતું મારો, કરજે નજર કોલર ઉપર.
બીજો—બરાબર છે દોશી એ કહેવું જોજે તાલ મારો તું ભાઇ
ધોબી પણ રાખ્યોછે સાબીન, હજામને લાવીશહું સાઇ
ત્રીજો—મારો ધોબી મારી બઇરી. ઘરમાંને ઘરમાંજ રહે,
કદી થાય લુગડાં મેલાંતો. ધોવા જવાનું મને કહે
પહેલો—ખરો ખરો તું કંજુશને વળી બઇરી નારી કરમ ચંડાળ
તારા જેવાની સોબતમાં તો હમે થઇ જઈએ કંગાળ.
બીજો—ખરી કહી તે દોશ તું મારા, જીગર જાનને દીલોજાન
નહીં કદી તેડીને જઇશું. ચકલામાં ખાવાને પાન.
ત્રીજો—નહીં જાવો જો તેડી મને તો પછી પડશે ખરી ખબર
બેહાં જોઇશે ગાડી તમોને. કોંણ જશે લેવા સત્વર.
એવું કહી ભપકામાં ચાલ્યા કંજુસ ભાઈ પોતાને ઘેર,
ગયા એસકી બંન્ને બાગમાં ખાવાને લીમડાની લ્હેર.

ટેકચહનો ટડાકો !

(રાગ—ચુરણનો)

—○○—

મીયા—દેખો શ્રાવણ મહિના ભારી, લોંકો કરતે હે તૈયારી
ગાડી ઘોડેકી બી સ્વારી, ખુશી હેન્તે નર ઓર નારી.
ટેક—અલ્યા તું શું સમજે વાત, તારી મીયાંભાઇની જાત,
ખુશી થઇશું ખરેખાત, ત્યાંથી જા છોડી પંચાત.

મીયા–શુંન બે બનીયે બીચાજ બોર, રખતાં કયું તું એસા તોર,
હમ તો લેતે મઝા ઓર, રખતે શ્રાવણ મે બી જોર.

ટેક—કેમ વધ્યો, આલ્યા આમ, કયાંછે તારી પાસે દામ
કેવું શ્રાવણનું છે કામ, જા જા તારા તું કામ.

મીયા–અબે રખતે દોબેળકી ગાડી, ફીરને જાતે બંગલાવાડી
તું કયાં જાણે મારવાડી, પીતે પેટ ભરકે તાડી,

ટેક—થુ-થુ-મુવા અહીંથી ખસ, બંધ બોલવું કરી બસ,
ત્યાંથી આઘો જઇને ભસ, મુકી રૂપીઆ મારા દસ,

મીયાં—કયું બે થુ-થુ કરકે બોલા, કચેરી શેલ કરેગા ગોલા,
લેતાં અફીણ રોજકી તોલા, ખાતા જીગર હમારા ઝોલા,

ટેક—મીયાં શું બોલેછે અહીં, તારાં ઘરમાં નથી કંઇ
બીબી રોઇ રહીછે તહીં, મારે બડાઇ મીયાભઇ

મીયાં—જાણે કયા તું હમારી બાત, બીબી હેગી એસી જાત,
રહેતી ઘરમે દીન ઓર રાત, રખની કીસ ી નહી પંચાત.

ટેક—બેસો બેસો મીયાંભઇ, હમારી બુરી જેવી નહી.
જો જે હીંદુઓની મહીં, ચાલે ગરીબ જેવી થઇ.

મીયાં—અબે ઓરત હમારીહે રાણી, લાવે બીનતી ઘરકુ પાણી,
તેગી ઓરતકુ પેછાણી, ઘરમે કરતી હે કમાણી.

ટેક—કેવી કમાણીની વાત, મને થયોછે ઉતપાત,

બોલ બોલ ખરે ખાત; હવે વેહલો વેહલોવાત.
મીયાં-બનીયે કયા તું કરતાં તાલ લાગી ચુનનેકુ આ હાલ
ટોકરી લેકે આઇ હાલ, એસા તેરા હે હવાલ
ટેક—તેમાં થયું શુ નાદાન હવે જાણો મીયાં ચાન,
ફર્યું માથુ અને કાન, ગઇ સુધ્ધો આવી સાન.
મીયાં—જબતો લો સલામ અનેક, મેરાં નામ હે મલેક.
તેરા નામ હેગા ટેક, પીછે ચંદ હેસો દેખ.

(રાગ-અબ ચલે ન મોહન તેરા)

નુર ગયું (૨) સુરતનુ ભાઇ, આફતને સંકટ માંહી,
રહ્યુ નહીં (૨) હવે તો કાંઇ, સઉ રંગ ગયો છવાઇ-
ભાગળને અગ્નિ એ રોળી, જુવો રેલે સુરતને બોળી,
ઇજા શું કહુ, સમજજો સઉ, વિચારી ભાઇ—આફ૦
જાગ્રત લોકોને રહેવા, સુસ્તી સઉ મુકી દેવા,
ફરજ એ ધાર, દિલ વિચાર, છોડી લુચ્ચાઇ—આફ૦
રહો સદા સરલ નિતીમાં, કરો સંપ તમે પ્રીતીમાં,
જીવને એક, રાખીને ટેક, તેમાં સુખ દાઇ—આફ૦
સુખ દુખનો છે સંસારે, જાવું છે મુકી ઘર બારે,
જાનો એક દીન, ઇશ! આધિન. જીવડો જાઇ—આફ૦
તર્ક સક્તિઓ ચલાવી, નહીં ભૂલ કોઇએ ખાવી,

સુખ જોઇ મગન, થવું નહીં તદન, જવું ફુલાઇ—આ૦૯

રહી ઇશા સમરણછે સાચું, જગર્ત્તાને હું રાચું,

તરત દુઃખ ટળે, પુન્ય સઉ ફળે, રહુ ગુણ ગાઇ—આ૦૧૦

સુરત—આર. એફ. એમની કંપની રબરસ્ટાંપ મેકર નાનપુરા
,, નુરભાઈ જાફરજી સુજાત રબરસ્ટાંપ મેકર ઝાંપાબજાર
,, ગુલાબદાસ દયારામ મહેતા નાણાવટ
,, એમ. એમ દેસાઇની કંપની કણપીઠબજાર
,, રા. ચુનીલાલ હરકીશન કોમોડોર. દેશાઇપોલ

ભરૂચ—શા૦ માણેકલાલ છબીલદાશ પાડાપોળ; ખબુતર
,, ખાના આગળ. લલુભાઇના ચકલા પાસે.

વડોદરા—રા. મગનલાલ સૂર્યરામ દેસાઇ, ન્હાનાબાજવા
ડામાં બાબા વૈદની સામે

સામટી લેનારે કમીશન માટે આર એફ. એમની કંપનીમાં પત્રથી પુછવું એટલે તે વિષયનો ખુલાશો જાણશે

ઉપયોગી ખબર

આજ કાલ ઘણે ઠેકાણે રબરના જાત જાતનાં સિલ સિક્કા બનાવવાની દુકાનો અને પ્હેડીઓ નીકળીછે પરંતુ હજુ સુધી કોઇ પણ ખરીદનારે એટલું નક્કી જાણ્યુ નથી કે સસતું સારૂં અને વખત સર કામ કઇ કંપની કરી આપે છે.

હમારા અનુભવ અને જાણવા પમાણે એટલુંતો જણાવી શકીએ છીએ કે નીચે જણાવેલી કંપનીએ કામ બીજા કોઈ પણ ચાલુ કામથી, શસ્તુ શારૂ અને વાયદાસર

જાહેર ખબર.

સરવે સદ્ગ્રસ્થોને આ જાહેર ખબરથી જણાવવામાં આવેછે કે હમારી ઝાંપા બજાર આગળ આવેલી દુકાનમાં સરવે જાતની મખમલ, ટોપી, કીનખાબ, કોર, ફીત, સુરતી, કાપડ, તથા ઝીકચલકનું અને હાથ જરીનું, બાદલાનું, કામ વિગેરે ઘણો જલદીથી અને સફાઈદાર બનાવી આપવામાં આવેછે.

અકીકનાં ઘણી જાતનાં કામો હમારી પાસેછે. જેવાં કે ટકટીઓ, વીટીઓ, બટનો ઘડીયાળનાં છેડામાં નાંખવાનાં લોકેટો તરેહે વાર કીફાયત ભાવે મળશે એક વખત હમારી દુકાનની મુલાકાતથી ખાતરી થશે.

કપડા ઉપર નામ પાડવાની લાલ શાહી શીશી હમારે ત્યાંથી મળશે કી० રૂ० ०।

મોહમદઅલી મુલ્લા અલીભાઈ કીનખાબવાળા

ઝાંપા બજાર—સુરત.